બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઈસુ આંધળાને સાજો કરે છે



લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
અનુકૂલન : Ruth Klassen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

બાર્તિમાય નામનો એક વ્યક્તિ યરોખોના માર્ગની બાજુમાં બેસીને, ભીખ માંગતો હતો. જ્યારે લોકો ત્યાંથી પસાર થતાં તેમાંથી કોઈ દયાળુ, તેને નાણાંનો સિક્કો કે ખાવાનો ટૂકડો આપતા હતાં. હવે આ બાર્તિમાય આંધળો હોવાથી કોઈ કામ કરી શકતો ન હતો. તે ફક્ત ભીખ માંગતો.



એક દિવસે ધોરી રસ્તો ખૂબ જ વ્યસ્ત હતો. બાર્તિમાયે કોઈના પગલાંનો અવાજ સાંભળ્યો. કોઈ અસાધારણ બાબત બની રહી હતી. આ આંધળાને ખબર પડી કે શું થવા જઈ રહ્યું છે. નાઝરેથનો ઈસુ આ નગરમાં આવ્યો હતો. લોકોના ટોળા ઈસુને જોવા અને સાંભળવા એકઠા થયા હતાં.





“ઈસુ દાઉદના દીકરા મારા પણ દયા કર.” શા માટે બાર્તિમાયે બૂમો મૂકી હશે? શા માટે તેણે એ વિચાર્યું કે ઈસુ તેને મદદ કરી શકે છે? કદાચ તેણે સાંભળ્યુ હતુ કે ઈસુએ બીજા ઘણા લોકોને સાજા કર્યા હતા. જેમાંના ઘણા બહેરા, મૂંગા અને લંગડા હતા, અને અમૂક આંધળા પણ હતા. જેમ કે બાર્તિમાય હતો. “દાઉદના દીકરા મારા પર દયા કર.” બાર્તિમાય ફરી ફરીને ઘાંટો પાડતો રહ્યો. તેના અવાજમાં આશાની ઘંટળી વાગી.



બાર્તિમાયને વાતની
ચોક્કસ ખબર હતી. જો તે
આજે તક નહીં મળી તે
ફરી કદી મળવાની ન
હતી. ઈસુ ત્યાંથી ફરી કદી
પસાર ન પણ થાય.



બાર્તિમાયે ઈસુ સુધી
પહોંચવાનું જરૂરી હતું.
પણ લોકો આઘા ખસ્યા
નહી. “અરેરે ...!”
તેઓએ કહ્યું તેઓએ
તેને ચૂપ રહેવાનું કહ્યું.

પણ બાર્તિમાય શાંત રહ્યો નહી. તેણે બુમો પાડવાનું ચાલુ રાખ્યું. એકાએક ઈસુ ઉભા રહી ગયા! એમણે સાંભળ્યું! તેણે હુકમ કરીને આંધળા માણસને તેડી મંગાવ્યો. "ઊભો થા, તે તને બોલાવે છે."





તેની પાસે જે લૂગડું હતું તે નાખી દઈને બાર્તિમાય ઉભો થઈને ઈસુની પાસે પહોંચ્યો.



“તમે શું ઈચ્છો છો કે હું તમારા માટે કરું?” ઈસુએ પૂછ્યું. શું તમે ત્યાં હોત તો કઈ રીતે જવાબ આપ્યો હોત. શું તમે ઘણા પૈસા અને સારા નવા કપડા માંગ્યા હોત. બાર્તિમાયને તે બહુ જરૂરી હતું?



ના, આંધળા બાર્તિમાયે ઈસુની પાસે સોનું કે સારા કપડા ન માંગ્યા. તમે જાણો છો તેને શેની જરૂર હતી.



"પ્રભુ મને મારી દૃષ્ટિ આપો." બાર્તિમાય જોવા માંગતો હતો! ઈશ્વરની ઉત્પત્તિની સઘળી બનાવટ - જેમ કે વૃક્ષો, પક્ષીઓ બધું જ જોવા માંગતો હતો. જો તે સાજો થઈ જાય તો તે પોતાની સંભાળ લઈ શકે અને તે ભિખારી બની રહેવા માંગતો ન હતો.



ત્યારબાદ ઈસુએ બાર્તિમાયને કહ્યું, “તું દેખતો થા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે.”



ત્યાં ને ત્યાં તે
દેખતો થયો અને
ઈસુની પાછળ
ચાલ્યો. સૌથી
અગત્યની
બાબત તે કરી
શક્યો હતો કે,
"ઈશ્વર અદ્ભૂત
છે! તેમણે મને
દેખતો કર્યો છે!"
બાર્તિમાય માટે તે
અદ્ભૂત ઘડી
હતી.





જ્યારે લોકોએ એ જોયું
ત્યારે તેમણે પણ ઈશ્વરને મહિમા
આપ્યો. ફરીથી તેઓ ઈશ્વરપુત્રના
મહાન સામર્થ્ય જોઈ શક્યા હતા કે
કેવી રીતે આ ગરીબ આંધળા
ભિખારીને દૃષ્ટિ પ્રાપ્ત થઈ.

# ઈસુ આંધળાને સાજો કરે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માર્ક ૧૦, લૂક ૧૮, યોહાન ૯

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

50 60

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬